દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ડાબકા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી પાટલામહુ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૩	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ખોપી જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૪	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ટેલીઆંબા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૫	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી રોઝદેવ જેજીવાય	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૬	૬૬ કેવી સાગબારા	૧૧ કેવી ગોળદા એજી	સાગબારા	૭૫૬૭૭૨૦૬૩૮	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૭	૬૬ કેવી નેત્રંગ	૧૧ કેવી અશનાવી જેજીવાય	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૮	૬૬ કેવી નેત્રંગ	૧૧ કેવી ઝરીયા ઈન્ડ	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૯	૬૬ કેવી નેત્રંગ	૧૧ કેવી અંજોલી એજી	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૧.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૦	૬૬ કેવી સોઈકૂવા	૧૧ કેવી અગર જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૩.૦૭.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૧	૬૬ કેવી સોઈકૂવા	૧૧ કેવી ખાટા આશીત્રા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૩.૦૭.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૨	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી અલવા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૪.૦૭.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૩	૧૩૨ કેવી તિલકવાડા	૧૧ કેવી ગંભીરપુરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૪.૦૭.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૪	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી મહીજીપુરા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૫	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી કાસોટીયા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૬	૬૬ કેવી નામલપુર	૧૧ કેવી ઝાઝપુરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૫.૦૭.૨૦૨૬ (બુધવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૭	૬૬ કેવી નામલપૂર	૧૧ કેવી લીમડીયા જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૭.૦૭.૨૦૨૬ (શુકવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૮	૬૬ કેવી નામલપૂર	૧૧ કેવી કાંડલેજ એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૭.૦૭.૨૦૨૬ (શુકવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૧૯	૬૬ કેવી રાજપીપળા	૧૧ કેવી પોઈચા જેજીવાય	રાજપીપલા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૭.૦૭.૨૦૨૬ (શુકવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨૦	૬૬ કેવી રાજપીપળા	૧૧ કેવી રસેલા એજી	રાજપીપલા-૨	૭૫૬૭૭૪૯૮૦૬	૧૭.૦૭.૨૦૨૬ (શુકવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨૧	૬૬ કેવી રાજપારડી	૧૧ કેવી જી.એમ.ડી.સી. એચ.ટી	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૧૭.૦૭.૨૦૨૬ (શુકવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨૨	૬૬ કેવી સોઈકૂવા	૧૧ કેવી પિંડોલી જેજીવાય	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૮.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦
૨૩	૬૬ કેવી સોઈકૂવા	૧૧ કેવી વોરા એજી	તિલકવાડા	૭૫૬૭૭૪૬૭૨૯	૧૮.૦૭.૨૦૨૬ (શનિવાર)	૦૮:૦૦ થી ૧૪:૦૦

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠોચાલુ કરીદેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી,રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો

૩ કારતૂસ અને દેશી પિસ્તોલ સાથે ઝડપાયો

સુરતઃ લિંબાયત પોલીસે ક્રાંતિનગર વિસ્તારમાંથી એક ટેમ્પો ડ્રાઈવરને દેશી હાથ બનાવટની ટ્રીગરવાળી પિસ્તોલ અને ૩ નંગ જીવતા કારતૂસ સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. લિંબાયતના ક્રાંતિનગર ગલી નંબર-૭ માં રહેતો એક યુવક હથિયાર સાથે ફરી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે તુરંત વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં ઉભેલા મુજફ્ફર રઝા ઉર્ફે અજ્જુ રસીદ શેખ (ઉ.વ.૨૪) ને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી મુજફ્ફર ઉર્ફે અજ્જુની અંગઝડતી લેતાં તેની પાસેથી એક દેશી હાથ બનાવટની ટ્રીગરવાળી લોડેડ પિસ્તોલ અને ૩ નંગ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પોલીસે આ જીવલેણ હથિયારો કબજે કરી આરોપી વિરુદ્ધ લિંબાયત પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ કલમ મુજબ ગુનો રજિસ્ટર કર્યો છે. આરોપી આ હથિયાર ક્યાંથી લાવ્યો હતો અને તેનો ઉપયોગ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં કરવાનો હતો કે કેમ, તે દિશામાં લિંબાયત પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ બમરોલીના રેવન્યુ સર્વે નં.૧૯૯/૨ જેનો બ્લોક નં.૨૭૮ જેનું સુમારે ક્ષેત્રફળ ૧–૭૯–૦૪ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂા.૨૩=૮૨ પૈસાવાળી જુની શરતની જમીનના માલિક અને કબજેદાર હમો ચાલી આવેલા છે. જે મજકુર જમીનમાં ત્રાહીત વ્યકિતઓએ ખોટી અને ગેરકાયદેસર રીતે કહેવાતી કબજા રસીદો ઉપજાવી કાઢીને પચાવી પાડવાના કૃત્યો કરેલ જેથી હમોએ દિવ્યેશ હસમુખભાઈ પટેલ રહે.૧૩, રવિનગર સોસાયટી, અલથાણ ભાથ રોડ, સુરતનાને કાયદેસરની કાર્યવાહી કરવા માટે સમજુતી કરાર તથા પાવર ઓફ એટર્ની લખી આપેલ પરંતુ તેઓને કાર્યવાહી કરવાનું સોંપ્યા બાદ આજદિન સુધી નિકાલ આવેલ નથી જેથી મજકુર જમીનના તમામ માલિકોએ ભેગામળીને જાતે પોતે તમામ કાયદેસરની કાર્યવાહી કરવાનુ નકકી કરેલ છે અને નામદાર સિવિલ કોર્ટ સુરતમાં દાખલ કરેલ રેગ્યુ.દિ.મુ.નં.૩૦/૨૦૨૨ ના કામે પણ હમારા એડવોકેટશ્રીની નિમણુક કરેલ છે જેથી દિવ્યેશ હસમુખભાઈ પટેલનાને લખી આપેલ સમજુતી કરાર તથા પાવર ઓફ એટર્ની રદબાતલ યાને કેન્સલ કરેલ હોવાનું જાહેર કરીએ છીએ. જેથી મજકુર જમીન બાબત કોઈ પણ વ્યકિતએ દિવ્યેશ હસમુખભાઈ પટેલ સાથે કોઈ પણ જાતના લખાણો કે વેચાણ વહેવાર કે નાણાંકીય લેવડદેવડ કરવી કરાવવી નહી અને જો કરશે તો કોઈ પણ વ્યકિતને ઉપરોકત જમીન બાબત કોઈ ટાઈટલ પ્રાપ્ત થશે નહી. અને જરૂર પડે લાગતા વળગતા સામે દીવાની તથા ફોજદારી રાહે પગલા ભરવાની ફરજ પડશે. અને મજકુર જમીન બાબત દિવ્યેશ હસમુખભાઈ પટેલને લખી આપેલ સમજુતી કરાર તથા પાવર ઓફ એટર્નીનો લેખ પણ રદ યાને કેન્સલ કરેલ છે. જેની લાગતા વળગતા તમામે તથા જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા. ૧૦/૦૭/૨૦૨૬

લિ.

અરવિંદભાઈ ઉર્ફે નવીનભાઈ નાનુભાઈ પટેલ વિગેરે

પશ્ચિમ રેલવે

શુદ્ધિપત્રક

ટેન્ડર નોટિસ નં.: BCT/26-27/88, તારીખ: 03.07.2026. ટેન્ડર બંધ થવાની હાલની તારીખ: 28.07.2026. હવે તેને 04.08.2026 તરીકે વાંચવી. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. 0345

અમને લાઇક કરો: facebook.com/WesternRly

જાહેર ખુલાસો - ચેતવણી
મોજે : કપ્લેથાના બ્લોક નં. ૭૩ વાળી જમીન અંગેની જાહેર ચેતવણીનો વળતો જવાબ કમ ખુલાસો તથા ચેતવણી

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, તા.૦૫/૦૭/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ, સુરતના દૈનિક પેપરમાં એડવોકેટશ્રી મંથન સી.પટેલના ધ્વારા મોજે કપ્લેથાના બ્લોક નં. ૭૩ વાળી જમીન બાબતે જે જાહેર ચેતવણી છપાવેલ છે તે વિષયે હમારા અસીલ વસીમ અકરમ હુસૈન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલીની સુચના અને ફરમાઈશથી આ જાહેર જવાબ કમ ખુલાસો તથા ચેતવણી આપી જણાવવાનું કે,

સુરત ડી.સબ.ડી.ચોર્યાસીના મોજે : કપ્લેથાના રે.સર્વે નં. ૧૯/અ/૨/૧, ૧૯/અ/અ/૨/૨, ૧૯/૨/૩, ૧૯/અ/૨/૪, બ્લોક નં.૭૩ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે.૦-૫૨-૬૦ આરે ચો.મી.વાળી જમીનના મુળ માલીકો ધનુબેન લલ્લુભાઈ વિગેરે પાસેથી આયશા યુસુફ પટેલનાઓએ રજીસ્ટર્ડ દસ્તાવેજોથી વેચાણ રાખેલ અને તેઓ પાસેથી હમારા અસીલ ધ્વારા કબજા સહિતના વેચાણ સાટાખતની રૂએ વેચાણ રાખેલ અને સદર સાટાખતમાં દર્શાવ્યા મુજબનો તથા શરતો મુજબ હમારા અસીલ ધ્વારા કાયદેસરનો ઘણો મોટો વેચાણ અવેજ પણ બેંક મારફતે ચુકવી આપવામાં આવેલ છે અને મુળ જમીન માલીકોને પણ સદર વેચાણ અવેજની રકમ બેંક મારફતે ચુકવી આપવામાં આવેલ છે અને **તમામ વ્યવહાર આયશા યુસુફ પટેલના પતિ ઈમરાન પટેલ તથા બ્રોકર વસ્તા ઈકરમ ઈકબાલ** રૂબરૂ કરવામાં આવેલ છે તથા સદર કરારની શરત મુજબ સ્થળ ઉપર શાંત અને પ્રત્યક્ષ કબજો પણ હમારા અસીલને સુપ્રત કરવામાં આવેલ છે અને હમારા અસીલ ધ્વારા સદર જમીન કોન્ટ્રકટર પઠાણ ઈકબાલ ચાંદખા હસ્તક ડેવલોપ કરી માતબર ખર્ચ પણ કરેલ છે અને તે રીતે સદર જમીનમાં હમારા અસીલનો કાયદેસરનો હક્ક હિત સમાયેલ છે તથા ત્યારબાદ મજકુર આયશા યુસુફ પટેલનાઓ પાસેથી સુરત ડી.સબ.ડી.ચોર્યાસીના મોજે : કપ્લેથાના રે.સર્વે નં.૧૧/અ/૨, બ્લોક નં.૨૮ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે.૦-૪૧-૪૮ આરે ચો.મી. વાળી જમીન તથા સુરત ડી.સબ.ડી.ચોર્યાસીના મોજે : કપ્લેથાના રે.સર્વે નં.૪૫ તથા ૪૬, બ્લોક નં.૭૬૬ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ હે.૦-૨૭-૩૨ આરે ચો.મી.વાળી જમીન પણ મૌખીક કરારથી વેચાણ રાખવા નક્કી કરેલ અને તેનો અવેજ પણ ચુકવવામાં આવેલ છે અને તે તમામ વ્યવહાર બ્રોકર વસ્તા ઈકરમ ઈકબાલ રૂબરૂ કરવામાં આવેલ છે અને તે રીતે સદરહું ઉપરોક્ત તમામ જમીનોમાં હમારા અસીલનો કાયદેસરનુ હક્ક હિત સમાયેલ હોય તે હક્ક હિત નષ્ટ કરવાના બદઈરાદે તથા હમારા અસીલે ચુકવી આપેલ કીંમતી અવેજના નાણાં ડુબાડી દેવાના તથા હમારા અસીલ પાસેથી વધુ નાણાં કઢાવવાના બદઈરાદે જે જાહેર ચેતવણી છપાવવામાં આવેલ છે તે તદ્દન ખોટી ગેરકાયદેસરની અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે હમારા અસીલ હરહંમેશ વેચાણ વ્યવહારની તમામ શરતોનુ પાલન કરેલ છે અને આજે પણ તેમ કરવા રાજીખુશી અને તૈયાર છે જેથી તમામ વ્યવહાર કલીયર કરી હમારા અસીલના લાભમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા તમોને આ થકી નોટીસ આપવામાં આવેલ છે તથા હમોનો કબજા સહિતનો સાટાખત હાલ પણ અમલમાં ચાલી આવેલ છે જે કાયદા મુજબ એકતરફી રદ થઈ શકે નહી. તેમ છતાં સદર જમીન અંગે તા.૦૫/૦૭/૨૦૨૬ ના રોજ આયશા યુસુફ પટેલ ધ્વારા તેમના એડવોકેટશ્રી મંથન સી.પટેલ મારફતે પ્રસિધ્ધ કરાવેલ જાહેર ચેતવણી ગેરકાયદેસરની જાહેર જનતાને ગુમરાહ કરવાના બદઈરાદાથી તથા હમારા અસીલના કાનુની હક્કોને નુકશાન પહોંચાડવાના ઈરાદે આ આપવામાં આવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું : ૯/૬૫૮, સિધ્ધમાતાની શેરી, અંબાજી રોડ પાસે, વાડીફળીયા, સુરત. મો.૯૪૨૭૧ ૩૫૩૨૭ / ૭૯૯૦૮ ૯૧૬૬૫

નિલેશ અજીતલાલ મિસ્ત્રી
તે વસીમ અકરમ હુસૈન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલીના એડવોકેટ

જી.ભરૂચ, તા.હાંસોટ, ગામઃ આસ્તાનાં બ્લોક નં.૧૩૪ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **જી.ભરૂચ, તા.હાંસોટનાં મોજે ગામઃ આસ્તા**નાં **બ્લોક નં.૧૩૪(જુનો બ્લોક નં.૧૪૧)**થી નોંધાયેલી ૧-૨૪-૧૪ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી **ખાતા નં.૮૨૧** વાળી જુની શરતની ખેતીની જમીન તેનાં માલિક, **સૈયદ જીયાઉદ્દીન સમસુદ્દીનનાંએ** પોતાની માલિકી અને કબજા ભોગવટા હેઠળની તથા બોજા રહિતની, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, તેથી સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ જાતનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ જમીન ઉપર કોઇપણ સંસ્થા અથવા વ્યકિતની કોઇ લોન કે બોજો ચાલતો હોય કે કોઇનો ભરણપોષણનો હકક કે ઇઝમેન્ટનો અધિકાર ચાલી આવતો હોય, તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત મારો સંપર્ક કરવો, અન્યથા મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને જો હોય તો તે જતો યાને વેવ કર્યો છે, તેમ માની મારા અસીલ જરૂરત મુજબની કાયદાકીય પ્રક્રિયા અનુસરી મજકુર જમીન માલિક પાસેથી સદર ખેતીની જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે દાવો ચાલશે નહી. જેની આથી સર્વેએ નોંધ લેવી. તા. ૧૦/૦૭/૨૦૨૬

ધર્મેશ એ. ચપટવાલા તે ખરીદનારનાં એડવોકેટ

ઓફિસ:૨૦૪, સુંદરમ સ્કવેર, દરજી સ્ટ્રીટ, હિલ્સ નર્સરી સ્કુલની સામે, નાનપુરા, સુરત. મો. નં. :૯૮૨૫૪ ૨૨૧૪૦

વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ યાને તાલુકે **સુરત સીટી** હાલ તાલુકે **કતારગામ** શહેર સુરત ના મોજે **ગામ : વરીયાવ**ના **રેવન્યુ સર્વે નંબર : ૮૮પૈકી, બ્લોક નંબર : ૭૬-પૈકી-૨-બ, ટી.પી.સ્કીમ નંબર : ૩૯ (વરીયાવ), ફા.પ્લોટ નંબર : ૪૯ વળી ૭૪૨૦-૦૦ ચો.મી. પૈકી પૂર્વ દિશા તરફની ૪૫૧૧-૩૬ ચો.મી. જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની ૧૩૯૫-૦૦ ચો.મી. યાને ૧૬૬૮-૦૦ ચો.વાર** બીનખેતીની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **(૧) પ્રવિણભાઈ છોટુભાઈ પટેલ (૨) દિલીપભાઈ છોટુભાઈ પટેલ** નાઓએ તમામ રીતના ટાઇટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હક્ક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યક્તિ યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭ (સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૦.૦૭.૨૦૨૬ ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

SAHAJ LEGAL LAW FIRM

અમર વી. પટેલ (એડવોકેટ)

સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઓફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પલેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકો પલસાણા, મોજે ગામ બગુમરાના રે.સ.નં. ૩૧૫, જેનો બ્લોક નં. ૪૬૧, કુલ જરાયત ક્ષેત્રફળ હે.આરે. ૨–૬૯–૯૪ ચો.મી. ખાતા નં. ૭૯૭ જેનો આકાર ૨૮.૦૦ પૈસાવાળી **ખેતીની જુની શરતની જમીનના હાલના રેકર્ડના માલિક હસમુખભાઈ છગનભાઈ** એ પોતાની સ્વતંત્ર માલિકીની કબજા ભોગવટાની અને તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર ખેતીની જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. મજકુર મિલકત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ ઈસમનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગ-ભાગ, દર-દાવો, તર-તકરાર, બોજો, લીયન કે ઈઝમેન્ટ કે કબજા હકક, બોજો, ચાર્જ કે કોઈપણ પ્રકારની સમજૂતી રૂએના હકક દાવો હોય કે મજકુર મિલકત ખરીદ કરવા અંગેના લેખિત લખાણો કર્યા હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭ (સાત)** ની મુદતમાં અમોના નીચે જણાવેલ સરનામે પુરાવા સાથે રૂબરૂ સંપર્ક કરવો અન્યથા મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો હકક હિસ્સો નથી અને છે તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મુદતે કિંમત ચૂકતે કરી મજકુર જમીનનો પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઉપરોકત માલિક પાસેથી તેમના નામ જોગ કરાવી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યાર પછી કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરિયાદ ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ તેની લાગતાં વળગતાં સર્વેએ નોંધ લેવી. તા. ૧૦/૦૭/૨૦૨૬

પ્રવિણ એમ. માંગુકિયા તે ખરીદનારના એડવોકેટ

ઓફિસ : એફ–૮, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, હંસ સોસાયટીની સામે, વરાછા મેઈન રોડ, સુરત. (મો.) : ૯૩૭૭૧ ૦૫૧૧૦

જાહેર નિવિદા નં-૦૧ સને ૨૦૨૬-૨૭
સુધારો નં.૧

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યાંત્રિક વિભાગ નં-૨ ઉકાઇ. તા.સોનગઢ, જી. તાપી પીન કોડ નં- ૩૯૪૬૮૦ ફોન નં ૦૨૬૨૪/ ૨૩૩૨૮૭ તરફથી જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭ થી બહાર પાડવામા આવેલ જેમાં ટેન્ડર ખોલવાની તારીખ ૧૨/૦૭/૨૦૨૬ છે પરંતુ તા.૧૨/૦૭/૨૦૨૬ના રોજ જાહેર રજા હોય તેમાં સુધારા નં.૧ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

વિગત	જુની તારીખ	નવી તારીખ
ટેન્ડર ખોલવાની તારીખ	તા.૧૨/૦૭/૨૦૨૬	શક્ય હશે તો તા. ૧૩/૦૭/૨૦૨૬

આ કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ પર જોવા મળશે.તથા અન્ય શરતો યથાવત રહેશે.

કાર્યપાલક ઇજનેર
સિંચાઇ યાંત્રિક વિભાગ નં .૨
ઉકાઈ

ક્રમાંક . માહિતી-સૂરત/૩૫૩/૨૦૨૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ/તાલુકે ચોર્યાસી ના મોજે : તલંગપોરના રે. સર્વે નં.૨૨૨/૧+૩, બ્લોક નંબર : ૪૧૭ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૪૧૬૫ ચો.મી. છે. તે જમીનમાં "શિવાંજલી સોસાયટી વિભાગ–૨" નું આયોજન કરી રહેણાંકના પ્લોટો પાડવામાં આવેલ છે. તે પ્લોટો પૈકી પ્લોટ નંબરઃ ૬૫ કે જેનું ક્ષેત્રફળ ૪૫.૫૨ ચો.મી. અને પ્લોટ નંબર : ૬૬ કે જેનું ક્ષેત્રફળ ૪૫.૫૨ ચો.મી. છે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત ના માલીક ઘરમચંદ રોડાજી કલાલની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, વંશ, વાલી, વારસો, બેંક, સંસ્થા કે અન્ય ત્રાહિતનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, લાભ ભાગ–દરદાવો, હિત કે અધિકાર કે ઈઝમેન્ટનો હકક, આવવા જવાના હકકો હોય, તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭(સાત)માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. નહીંતર મુદત વિત્યેથી ઉપરોકત સદરહું મિલકતમાં કોઈ પણ કોઈના હક, હિત, હિસ્સો, લગાભાગ–દરદાવો નથી એમ માની લેવામાં આવશે અથવા તો તેવા તમામ હક હિત, હિસ્સા તેઓએ જતા(વેવ) કર્યા છે યાને છોડી દીધા છે, તેમ માની, મારા અસીલ શુધ્ધ–બુધ્ધીપુર્વક પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર કે હકક દાવો ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ તેમજ લાગતા વળગતાએ સ્પષ્ટ અને ગંભીર નોંધ લેશો.

ઓફીસ : ૩૧૨, ત્રીજો માળ, રઘુવીર સીમ્ફોની શોપર્સ, અલથાણ–ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.નં. ૮૪૦૧૯ ૧૭૪૦૭, ૯૩૭૭૧ ૯૭૧૧૫

પ્રણવ એસ. પટેલ તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી તમામ લાગતા વળગતાઓને જણાવવાનું કે જીલ્લો : **ભરૂચ**, તાલુકો : **અંકલેશ્વર** નાં **મોજે ગામ કાનવા** નાં **બ્લોક/સરવે નં.: ૧૦૮ (જુનો બ્લોક/સરવે નં.: ૧૧૦–૨)** વાળી જમીન જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧–૫૨–૭૫ ચો.મી. થાય છે. જેનો ખાતા નં.૨૩૭ છે. જેનો આકાર ૧૪.૩૫ પૈસા છે. જે જુની શરતની જમીનના **માલીક દિનેશભાઈ મોહનભાઈ સુતરીયા** ચાલી આવેલા હોવાનું જણાવી તથા સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ રહેલા હોવાની ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપી તેમજ પ્રત્યક્ષ કબજા સહીત જે તે માલીકે મારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા નકકી કરેલ છે. આથી સદરહું જમીનમાં જો કોઈ શખ્સ કે પેઢી, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો ચાર્જ, લીયન, બોજો, કબજો, હકક, હિત, હિસ્સો, દર–દાવો, લાગ–ભાગ, બાનાખત/સાટાખત કે ભાડા કરાર, દસ્તાવેજ વિગેરે હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં પુરાવા સહિત અમોને રૂબરૂ મળી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે, તો સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર–દાવો, બોજો, લાગ–ભાગ, કબજો, બાનાખત/સાટાખત કે ભાડાકરાર, દસ્તાવેજ નથી અને જો હોય તો તે સંપુર્ણપણે જતો કરેલ છે, તેમ ગણી સદર જમીન અંગે મારા અસીલ મજકુર માલીક પાસેથી જે તે જમીનના વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની તર–તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા.૧૦/૦૭/૨૦૨૬
ઓફિસ : ૨૦૪, બીજો માળ, રાધેશ્યામ શોપીંગ, સીંગણપોર ચાર રસ્તા, કતારગામ, સુરત–૪.

મારી મારફત
રોહિત એમ. ધોળકિયા (એડવોકેટ & નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ–ડિસ્ટ્રીકટ, **મોજે ભાદોલ** ના **બ્લોક નં.૩૪૪** વાળી જુની શરતની ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૮૪૨** છે. જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૯૬–૧૧ ચો.મી. **યાને ૯૬૧૧ ચો.મી.** વાળી ખેતીની જમીન, કે જેનો આકાર રૂા.૧૦.૩૧ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન **હેમંતભાઈ મંગળદાસ પટેલ** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું જમીનના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો કે લીયન / ચાર્જ કે ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા / રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો, લીયન/ચાર્જ, ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં–વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સરનામું : એ–૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ, લવ એન કેર હોસ્પિટલ પાસે, તારવાડી, રાંદેર, સુરત. મો. 90162 34004

નીતીન જે. ગોરસીયા તે અસીલના એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ નવસારી, સબ ડિસ્ટ્રીકટ ગણદેવી તાલુકાના મોજે. પાથરી, તા. ગણદેવી, જી.નવસારી મુકામે આવેલ ખાતા નં. ૫૫૭, જુનો બ્લોક નં. ૨૯૩/પૈકી ૧, નવો બ્લોક નં.૪૨૦/૩, ક્ષેત્રફળ ૦-૫૭-૬૨, આકાર ૩.૩૧ વાળી જુની શરતની ખેતીની જમીન ચાલી આવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીનના માલીક તથા કબજેદાર **(૧) મહેશભાઇ નાનુભાઇ જાતે પોતે તથા અનું નં. ૨, ૪, ૫ અને ૬ ના પાવરદાર (૨) દીનેશભાઇ નાનુભાઇ (૩) ગીતાબેન મહેશભાઇ પટેલની પત્ની, (૪) નિલિમા મહેશભાઇ પટેલ (૫) ફોરમ મહેશભાઇ પટેલ તથા (૬) રોહન મહેશભાઇ પટેલનાંની** પોતાની સંપુર્ણ માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળ, સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદરહું મિલકત ચોખ્ખા ટાઇટલ ક્લિયર વાળી છે. સદરહું મિલકત હમો વેચાણ આપવા માંગતા હોય.સદરહું મીલકત અંગે કોઇપણ વારસદાર બેંક, વ્યક્તિ, સંસ્થા કે સરકારી એકમને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, હક્ક, હીસ્સો, હીત, સબંધ, લાગભાગ, કબજા, કરાર, ભરણપોષણ, લિયન યા સાટાખત અંગેના કોઇપણ હક્ક કે અધિકાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત હમોને લેખિત જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી કોઇપણ વ્યક્તિ, બેંક, સંસ્થાને તેવો હક્ક, હીત, કે અધિકાર નથી અને હોય તો તે આથી છોડી દેવામાં આવેલ છે. તેમ માનીને સદરહું મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ લઇ યાને કે સ્વીકારી સદરહું મિલકતની સરકારી રાહે કાયદેસરની માપણી કરાવી હમો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરી આપીશું. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલ મજકુરની ફરમાઈશથી,

તા. ૯-૭-૨૦૨૬ **મોહિત આર. પટેલ** (એડવોકેટ એન્ડ નોટરી)

ઓ. ૬૦, આત્મીય કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ગણદેવી. મો.: ૯૮૨૪૧૧૮૮૧૬

જાહેર નોટીસ

મોજે મજુરાના રે.સ.નં.૧૪૧, ટી.પી.સ્કીમ નં. ૯, ફા.પ્લોટ નં. ૫૬ વાળી, સીટી સર્વે દફતરે વોર્ડ મજુરાના સીટી સર્વે નં. ૭૮૮ થી નોંધાયેલી, નંદનવન કો.ઓ. હા. સોસાયટી લિ. થી ઓળખાતી સોસાયટીના બંગલા નં. ૮ વાળી, સીટી સર્વે દફતર મુજબ સુમારે ૧૭૭.૬૫ ચો.મી.ના પ્લોટેડ તથા તે ઉપર વેરાબીલ મુજબ સુમારે ૧૧૮.૫૭ ચો.મી.ના કાર્પેટ બાંધકામવાળી મીલકતના માલીક પ્રકાશભાઈ ભીખાભાઈ પટેલ, રહે :૮, નંદનવન સોસા., ઘોડદોડ રોડ, સુરતે પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાની હોવાનુંજણાવી, મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી, બ્યાનું સ્વીકારેલ છે. સબબ, આ મીલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો યા ઇઝમેન્ટ લીયન, ચાર્જ, બોજો વિગેરેના હકકો હોય, તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ ની મુદતમાં, પોતાના હકક-દર-દાવા સંબંધી લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. નહીંતર મુદત વિત્યે કોઇના હકકો નથી એમ માની અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા (વેવ) કર્યા હોવાનું શુધ્ધબુધ્ધિપુર્વક માની મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ, કોઇપણ તકરારને અવકાશ રહેશે નહીં. જેની આથી નોંધ લેવી.

૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૫૬૬૧૫૦

મારી મારફત :
આશિષ એ. શાહ તે ખરીદનારના એડવોકેટ

મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ/ તાલુકા : પુણા, **મોજે ગામ : પુણા** ના રેવન્યુ સર્વે નં. ૩૧૧/૧, બ્લોક નં.૩૫૬, ટી.પી.સ્કીમ નં.૬૦ (પુણા), ફાયનલ પ્લોટ નં.૧૨૭ વાળી વાણિજય હેતુ માટેની બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **સ્વસ્તિક પ્લાઝા** ના નામથી ઓળખાતી ઈમારતમાં **ગ્રાઉન્ડ ફલોર** પર આવેલ **દુકાનો પૈકી દુકાન નં. જી–૧૯** જેનું સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૪૪૧.૨૫ ચો.ફુટ છે. જેનો બિલ્ટઅપ એરીયા ક્ષેત્રફળ ૩૧૫ ચો.ફુટ યાને ૩૦.૫૦ ચો.મી. છે, જેનું કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૨૭૩.૫૦ ચો.ફુટ યાને ૨૫.૪૨ ચો.મી. ની દુકાન મિલકત તથા તેની તળની જમીનમાં લાગુ ફાળે પડતા પ્રમાણસરમાં ૧૪.૪૭ ચો.મી. નાં અવિભાજય હીસ્સા સહીતની મિલકતના માલિક **મનિષભાઈ ભાનુભાઈ ભાલાળા** એ સદર મિલકત અંગે અમારી પાસે ટાઈટલ રીપોર્ટની માંગણી કરેલ છે. **સદર મિલકતના અગાઉના વેચાણ દસ્તાવેજ નંબર : ૧૧૧૧૬, તા.૦૨.૦૬.૨૦૧૨ ની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ તા.૦૧.૦૬.૨૦૧૨** ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી તેઓ સદર મિલકતના તારણ ઉપર અમારી અસીલ બેંક કનેથી ધિરાણ મેળવનાર છે. જેથી મજકુર મિલકતમાં કોઈનો કોઈપણ લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, ચાર્જ, લિયન, બોજો હોય તો તેણે આ નોટીસ મળ્યે દિન : ૭ માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહુ મિલકતમાં તેવો કોઈનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટીસની મુદત વીત્યે અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું તથા અમારી અસીલ બેંક સદર મિલકતના તારણ ઉપર ધિરાણ આપશે તથા સદર મિલકત ઉપર અમારી અસીલ બેંકનો ફર્સ્ટ ચાર્જ/બોજો રહેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી તેની આથી લાગતા વળગતા તમામ નોંધ લેશો.

તારીખ : ૧૦/૦૭/૨૦૨૬
ઓફીસ : એ/૩૩, રીવર પેલેસ, નાવડી ઓવારાની બાજુમાં, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૨ ૯૪૯૪૨

જિગિષા કેતન શાહ એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ રદ કરતી નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ **પાલીના બ્લોક નં.૬૧, રે.સર્વે નં.૬૧** થી નોંધાયેલ ઔદ્યોગીક હેતુની બીનખેતીની જમીન જેનુ ઓરીજીનલ પ્લોટ મુજબ સુમારે ક્ષેત્રફળ ૨૯૭૪૬ ચો.મી. છે જેન ટી.પી.સ્કીમ નં.૩૪ લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં.૬૧ ફાળવવામા આવેલ છે, જેનો ફાઈનલ પ્લોટ નં.૬૧ મુજબ કુલ ક્ષેત્રફળ ૧૭૮૪૯ ચો.મી. છે તે ફાઈનલ પ્લોટ પૈકીની ૪૩૨૦ ચો.મી. બીનખેતીની જમીનના માલીક **રાકેશ ગોપાલભાઈ બારોટ** ચાલી આવેલ તેઓ પાસેથી સદર જમીન એડવોકેટ શ્રી ગૌતમ બી.કાછડીયાના અસીલ ખરીદ કરવા માગે છે તે મુજબની વેચાણ અંગેની જાહેર નોટીસ તાઃ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્રમા પ્રસીધ્ધ કરાવવામા આવેલ છે પરંતુ હમો **રાકેશ ગોપાલભાઈ બારોટ** સદરહુ જમીન વેચાણ કરવા માગતા ન હોવાથી સદરહુ જમીનનો સોદો રદ કરવામા આવેલ છે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. **સ્થળ : સુરત તાઃ૦૯/૦૭/૨૦૨૬**

આ જાહેર નોટીસ મારી સુચનાથી આપવામા આવી છે.

મારી મારફત - **કુલદીપસિંહ એ.ડોડીયા** - એડવોકેટ
ઠે. ઓફીસ નં.૮, શિવમ કોમ્પલેક્ષ, જલારામ ચોકડી પાસે, તરસાડી કોસંબા તા.માગરોલ જી.સુરત

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ સુરતના **ગામ મોજે માસમા** ના **બ્લોક નં.૧૯૭,** રેવન્યુ સર્વે નં. ૧૨૧/૨ થી નોંધાયેલી જમીન પર ઔદ્યોગિક હેતુ માટે આયોજીત કરવામાં આવેલ **ફેનિલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ** માં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં.૫૮** વાળી મિલકતના માલિક / કબજેદારો **મમતાબેન જીતેશભાઈ કળથીયા** ની માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે. અને સદરહુ મીલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ હમો કનેથી માંગણી કરેલ છે અને તેઓએ સદરહું મીલકત હમારા અસીલ બેંકમાં મોર્ગેજમાં મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નકકી કર્યુ છે, પરંતુ સદરહું મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. જેથી સદરહું મીલકત બાબતે કોઈપણ પ્રકારનો વાંધો, તર–તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક હિસ્સો હિત સંબંધ હોય અગર કોઈ વ્યકિત યા નાણાંકીય સંસ્થાનો બોજો–લેણું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં હમોને લેખીત પુરાવા સહિત જાણ કરવી, જો જણાવેલ મુદત વિત્યેથી કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો હમો સદરહું મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને હમારા અસીલ બેંક સદરહું મીલકત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહું મીલકત ઉપર હમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.

:: ખોવાય ગયેલ દસ્તાવેજોની વિગત ::

૧. સુરત (ઓલપાડ) ના સબ રજી. કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૬૬૯૪, તા.૧૪/૧૨/૨૦૧૦ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની ઓરીજનલ પહોંચ.

સ્થળ : સુરત, તા.૧૦/૦૭/૨૦૨૬
૧૩/૧૪, અક્ષર ડાયમંડ માર્કેટ, માનગઢ ચોક, મીનીબજાર, વરાછા રોડ, સુરત. મો. ૯૫૮૬૭ ૪૬૨૫૮

મિત આર. ખેની એડવોકેટ

જિ.ભરૂચ, તા.હાંસોટ, મોજે : ઉતરાજ, રે.સર્વે નં.૨૪૦, બ્લોક નં. ૪૫, ખાતા નં. ૬૪૮ થી નોંધાયેલી વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જિ.ભરૂચ, તા.હાંસોટ, મોજે : ઉતરાજ, રે.સર્વે નં. ૨૪૦, બ્લોક નં. ૪૫, ખાતા નં. ૬૪૮ થી નોંધાયેલી જમીન જેનું જરાયતને ક્ષેત્રફળ સુમારે **૦ હેકટર ૬૦ આરે ૦૨ ચો.મી.,** જેનો આકાર રૂા.૪.૪૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન તથા ખેતરમાં આવવા–જવા માટેના રોડ રસ્તા, તેમાં આવેલ ઝાડ, બીડ સહીતની જમીનના માલીક કબજેદાર **(૧) કિંજલ નિમિષભાઈ ઝવેરી તે ચિરાગ શાહની પત્ની,** ઉ.આ.વ.: પુખ્ત વય, ધંધો : ખેતી/ઘરકામ, **(૨) પૂર્વી હિતેન્દ્રકુમાર શાહ તે કૃણાલ શાહની પત્ની,** ઉ.આ.વ.: પુખ્ત વય, ધંધો : ખેતી/ઘરકામ, **(૩) બળવંતસિંહ ખુમાનસિંહ પટેલ,** ઉ.આ.વ.: પુખ્ત વય, ધંધો : ખેતી/વેપાર, તમામ રહેવાસી : ગામ : ઉતરાજ, તા. હાંસોટ, જિ. ભરૂચનાઓ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં અન્ય કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો વેચાણ,હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહીત **દિન–૦૭** માં હમારા નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને "વેઈવ" કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

સ્થળ : સુરત (તા.૧૦/૦૭/૨૦૨૬)
ઓફીસ : એ–૧૦૫/૧૦૬, અંજની એમ્બ્રોસીયા, આશુતોષ નગરીની સામે, જહાંગીરપુરા મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત.

અમારી મારફત
હિરેનસિંહ એ. કંથારીયા એડવોકેટ
મો.નં. ૯૭૨૭૯ ૮૫૧૮૫

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ **સુરત,** સબ-ડીસ્ટ્રીકટ **ઓલપાડ** ના **મોજે ગામ : સાંધીયેર** ના સરવે નંબરઃ ૨૧૩, **સરવે/બ્લોક નંબરઃ ૩૨૪/અ** ખાતા નં. ૯૪૫, જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ સુમારે **હે. ૧-૩૦-૦૧ ચો.મી.,** આકાર રૂા. ૨૦.૦૦ પૈસા થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન, તથા તેમાં આવેલ ઝાડ, બીડ, રસ્તા સહીત જમીન અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો, અધીકાર સહિતની જમીન **(૧) પ્રવિણચંદ્ર રામજીભાઇ પટેલ (૨) ધીરજભાઇ રામજીભાઇ પટેલ** નાઓએ પોતાની માલિકી, કબજા, ભોગવટા હેઠળની તથા જમીનના તમામ ટાઇટલ કલીયર હોવાનું જણાવી વેચાણ અવેજ સ્વીકારી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે જે કોઇ શખ્સ, ઇસમ, ભાગીદારો, વારસદારો કે કોઇપણ વ્યકિતના કોઇપણ જાતના લાગ, ભાગ, દર દાવો, હકક, હિત, હિસ્સો, જપ્તી-અવલજપ્તી, ઇઝમેન્ટના હકો, યા આવવા-જવાના હકકો, કે કોઇપણ બેંક કે બેંકિંગ જેવી સંસ્થા કે મંડળીની લોન, બોજો અગર ગીરો હોય, યાં કોઇપણ પ્રકારના કરાર, સોદા-સાટાખત, પાવર ઓફ એટર્ની યા અન્ય લખાણો કરેલા હોય, કોઇના કોઇપણ પ્રકારના કોર્ટ પ્રકરણો વિગેરે ચાલતા હોય તો તેઓએ **દિન-૭** માં લેખિત પુરાવાઓ સહિત હમોને રૂબરૂ જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઇના કોઇપણ જાતના લાગ, ભાગ, દર દાવા કે, હકક, હિત, હિસ્સો, કોઇના કોઇપણ જાતના ઇઝમેન્ટના, આવવા-જવાના હકો, કોઇપણ પ્રકારના લખાણો, કરાર કરેલા નથી અને હોય તો તે જતા કરેલ છે યાને વેવ કરેલ છે તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીન વેચાણ અંગેના જરૂરી કરારો, લખાણો કરાવી લેશે ત્યારબાદ ભવિષ્યમાં કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

યુ.જી.-૧૧, આર્શિવાદ સ્કવેર, સોસીયો સર્કલ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૦૯૨ ૫૩૯૮૮.

રાહુલ એચ. પટેલ તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ માંગરોલના મોજે ભાટકોલમાં આવેલ **સબ પ્લોટ નં. ૨** જેનું ક્ષેત્રફળ ૪૨૫૯૬ ચો.મી. છે, જે **શ્રી અંબિકા ખાંડસળી ઉદ્યોગ** થી ઓળખાય છે તે **બ્લોક નં. ૧૧** વાળી જમીનમાં આવેલ **પ્લોટ નં. ૭૦** કે જેનું ક્ષેત્રફળ ૧૭૧.૩૭ ચો.મી. છે અને મજકુર સોસાયટીના રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ પ્રમાણસરનો હીસ્સો જેનું ક્ષેત્રફળ ૪૯.૯૦ ચો.મી. થાય છે યાને કુલ ક્ષેત્રફળ ૨૨૧.૨૭ ચો.મી., **પ્લોટ નં. ૭૧** કે જેનું ક્ષેત્રફળ ૨૭૦.૪૩ ચો.મી. છે અને મજકુર સોસાયટીના રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ પ્રમાણસરનો હીસ્સો જેનું ક્ષેત્રફળ ૭૮.૭૪ ચો.મી. થાય છે યાને કુલ ક્ષેત્રફળ ૩૪૯.૧૭ ચો.મી., **પ્લોટ નં. ૧૧૫** કે જેનું ક્ષેત્રફળ ૨૭૦.૪૩ ચો.મી. છે અને મજકુર સોસાયટીના રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ પ્રમાણસરનો હીસ્સો જેનું ક્ષેત્રફળ ૭૮.૭૪ ચો.મી. થાય છે યાને કુલ ક્ષેત્રફળ ૩૪૯.૧૭ ચો.મી., **અને પ્લોટ નં. ૧૧૬** કે જેનું ક્ષેત્રફળ ૧૭૧.૩૭ ચો.મી. છે અને મજકુર સોસાયટીના રોડ અને સીઓપીમાં વણવહેંચાયેલ પ્રમાણસરનો હીસ્સો જેનું ક્ષેત્રફળ ૪૯.૮૯ ચો.મી. થાય છે યાને કુલ ક્ષેત્રફળ ૨૨૧.૨૭ ચો.મી.વાળી મિલકતો **જીગરભાઈ કીર્તીભાઈ પટેલ**નાંઓની સંપૂર્ણ માલિકી, કબજા-ભોગવટાની હોવાનું જણાવી તેઓએ અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે. અને સીક્યુરીટી તરીકે બેંક સમક્ષ દસ્તાવેજી પુરાવાંઓ પૈકી **અસલ (ડુપ્લીકેટ) ડીડ ઓફ રીટાયરમેન્ટ, કે જે માંગરોલના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ.નં. ૩૦૨૬ તા.:૨૭.૦૩.૨૦૨૩ થી નોંધાયેલ છે તે અને તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ જમા કરાવનાર છે.** અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત બાબતના ઉપરોકત જણાવ્યા મુજબના અસલ દસ્તાવેજો બેંકમાં જમા કરાવવા બાબત, કોઈને કોઈ પણ પ્રકારનો વાંધો હોય અથવા સદરહું મિલકત બાબત કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે દર-દાવો હોય યા કોઈના કબજા-ભોગવટામાં હોય, તો દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી, મુદ્દત વીત્યે કોઈનો હકક, હીત, હીસ્સો વિગેરે નથી યા જતા કરેલા છે એમ માની અમારા અસીલ બેંક સદરહું મિલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહું મિલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈ પણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ : ૪૦૧, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત. મો.૮૪૬૯૫ ૧૬૦૦૯

નિશીથ કે. સુખડવાલા એડવોકેટ

મદ્રેસા અન્વારે અહમદી મસ્જીદ અને મદ્રેસા

ગુજરાત રાજ્ય વકફ રજી. નં. બી/૨૭૯/સુરત.
મોટા મોહલ્લો, મુ.પો. ઇટાળવા, તા. પલસાણા, જી. સુરત-૩૯૪૩૧૫.

તારીખઃ ૧૦-૦૭-૨૦૨૬

ગુજરાત રાજ્ય વકફ બોર્ડના વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ- ૨૦૧૩ ની કલમઃ ૫૬ તથા પ્રોપર્ટી લીઝ રૂલ્સ ૨૦૧૪ અને વકફ લીઝ રૂલ્સ (સુધારા) ૨૦૨૦ ના નિયમ-૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત.

વકફનું નામ : મદ્રેસા અન્વારે અહમદી મસ્જીદ અને મદ્રેસા
વકફનું સરનામુ : મોટા મોહલ્લો, મુ.પો. ઇટાળવા, તા. પલસાણા, જી. સુરત-૩૯૪૩૧૫.

ક્યા આવેલ છે	સત્તા પ્રકાર	રેવન્યુ સર્વે નં.	બ્લોક નંબર	ભાડાપટ્ટે આપવાનું ક્ષેત્રફળ (ચો.મી.)	તળિયાનું માસિક ભાડુ રૂા.	કેટલા વર્ષ માટે ભાડેપટ્ટે આપવાની?	હેતુ	અન્ય
મોજેઃ ઇટાળવા તા.પલસાણા જી. સુરત.	જુની શરત	૯	૨૯૦	૦-૬૦-૭૦	૧૧૦૦૦૦	30	ઔધોગિક	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં

ઉપર દર્શાવેલી જમીન મદ્રેસા અન્વારે અહમદી મસ્જીદ અને મદ્રેસા મોજેઃ ઇટાળવા, તાલુકોઃ પલસાણા, જી. સુરતની બી-૨૭૯/સુરત વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૩૦ વર્ષ માટે વાણીજય/ઔધોગિક હેતુ માટે ઉકત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઇચ્છા ધરાવનાર ઇસમો/સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગવવામાં આવેલ છે. સીલ બંધ કવર રજીસ્ટર પોસ્ટ એડીથી તારીખઃ ૧૫-૦૭-૨૦૨૬ સુધીમાં ઉપરોકત સરનામે ટ્રસ્ટને મળી જવા જોઇએ. અન્ય રીતે મળેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહીં. ટેન્ડર સાથે ઇ.એમ.ડી. રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાનો ટ્રસ્ટના નામનો ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ભરવાનો રહેશે. અન્ય કોઇ રીતે ભરેલી રકમવાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં. તારીખઃ ૧૦-૦૭-૨૦૨૬ ના રોજ ઉપરોકત સરનામે ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપત્રકો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખાસ્ત કરવામાં આવશે તે અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.

મુતવલ્લી મંડળ વતી
મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું
મદ્રેસા અન્વારે અહમદી મસ્જીદ અને મદ્રેસા
ગુ.રા.વકફ ટ્રસ્ટ રજી.નં.બી-૨૭૯/સુરત
ટ્રસ્ટી

હાજીપુરા નાની મસ્જીદ

ગુજરાત રાજ્ય વકફ રજી. નં. બી/૭૬/વલસાડ
મુ.પો. વેસ્મા, તા. જલાલપોર, જી. નવસારી-૩૯૬૪૭૫.

તારીખઃ ૧૦-૦૭-૨૦૨૬

ગુજરાત રાજ્ય વકફ બોર્ડના વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ- ૨૦૧૩ ની કલમઃ ૫૬ તથા પ્રોપર્ટી લીઝ રૂલ્સ ૨૦૧૪ અને વફક લીઝ રૂલ્સ (સુધારા) ૨૦૨૦ ના નિયમ-૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત.

વકફનું નામ : હાજીપુરા નાની મસ્જીદ
વકફનું સરનામુ : મોજે; વેસ્મા, તાલુકોઃ જલાલપોર, જીલ્લોઃ નવસારી-૩૯૬૪૭૫

ક્યા આવેલ છે	સત્તા પ્રકાર	રેવન્યુ સર્વે નં.	બ્લોક નંબર	ભાડાપટ્ટે આપવાનું ક્ષેત્રફળ (ચો.મી.)	તળિયાનું માસિક ભાડુ રૂા.	કેટલા વર્ષ માટે ભાડેપટ્ટે આપવાની?	હેતુ	અન્ય
મોજેઃ વેસ્મા તા.જલાલપોર જી. નવસારી	જુની શરત	૫૮૩	૫૧૧/ ૦૦૧	૦૧-૫૨-૦૩	૧૦૦૦૦૦	30	ઔધોગિક	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં

ઉપર દર્શાવેલી જમીન હાજીપુર નાની મસ્જીદ, મોજેઃ વેસ્મા, તાલુકોઃ જલાલપોર, જી. નવસારીની બી-૭૬/ વલસાડ વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૩૦ વર્ષ માટે વાણીજય/ ઔધોગિક હેતુ માટે ઉકત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઇચ્છા ધરાવનાર ઇસમો/ સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગવવામાં આવેલ છે. સીલ બંધ કવર રજીસ્ટર પોસ્ટ એડીથી તારીખઃ ૧૫-૦૭-૨૦૨૬ સુધીમાં ઉપરોકત સરનામે ટ્રસ્ટને મળી જવા જોઇએ. અન્ય રીતે મળેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહીં, ટેન્ડર સાથે ઇ.એમ.ડી. રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાનો ટ્રસ્ટના નામનો ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ભરવાનો રહેશે. અન્ય કોઇ રીતે ભરેલી રકમવાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં. તારીખઃ ૧૭-૭-૨૦૨૬ ના રોજ ઉપરોકત સરનામે ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપત્રકો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખાસ્ત કરવામાં આવશે તે અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.

મુતવલ્લી મંડળ વતી
મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું
હાજીપૂરા નાની મસ્જીદ
ગુ.રા.વકફ ટ્રસ્ટ રજી. નં.બી-૭૮ વલસાડ